# રાજકોટના કુવાડવા પોલીસ ચોકીનું પોલીસ કમિશનરના હસ્તે લોકાર્પણ કરાયું

## રેસકોર્સ ખાતે આકાર પામનાર ઈન્ડોર બેડમિન્ટન કોર્ટનું પણ ખાતમુહૂર્ત

રાજકોટ,

વસંત પંચમીના શુભ મુહૂર્તે શહેર પોલીસમાં પણ અવસર આવ્યો હોય તેમ એક કરોડના ખર્ચે તૈયાર થયેલ કુવાડવા પોલીસ ચોકીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું જ્યારે રૂ.૭૨ લાખના ખર્ચે તૈયાર થનાર ઈન્ડોર બેડમિન્ટન કોર્ટનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું.

શહેરની ભાગોળે કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ વધુ સુદ્રઢ બનાવવા અને નાગરિકોને પોલીસની મદદ તાત્કાલિક મળી રહે તે માટે પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝાના નેતૃત્વ હેઠળ રાજકોટ-અમદાવાદ હાઈવે પર આવેલ કુવાડવા ગામે વાંકાનેર ચોકડી ખાતે નવનિર્મિત કુવાડવા પોલીસ ચોકીનું આજે લોકાર્પણ



કરવામાં આવ્યું હતું.

કુવાડવા ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશન અને શહેર પોલીસના સંયુક્ત ઉપક્રમે કુવાડવા ગામ ખાતે કુવાડવા પોલીસ ચોકીનું નિર્માણ કરવામાં આવ્યું છે.

સામાજિક રાજકીય આગેવાનો અને દાતાઓના સહયોગથી નિર્મિત પોલીસ ચોકીનું આજે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. કુવાડવા પોલીસ ચોકીનું પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાના હસ્તે આજે સવારે ૯:૩૦ કલાકે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. લોકાર્પણ પ્રસંગે ડીસીપી હેતલ પટેલ, કુવાડવા ઈન્ડસ્ટ્રીયલ એસો.ના પ્રમુખ દિલીપભાઈ ઘરસંડીયા, ઉપપ્રમુખ ભગવાનજીભાઈ વડોદરિયા, બોમ્બે સુપર ગ્રુપના અરવિંદભાઈ કાકડીયા( પિન્ટુભાઈ) સહિતના આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કુવાડવા પોલીસ ચોકીનું માર્ચ, ૨૦૨૫ માં ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૦૫માં રાજ્ય સરકાર દ્વારા જમીનની ફાળવણી કરવામાં આવી હતી. જે જમીન ખાતે જનભાગીદારીથી આશરે એક કરોડના ખર્ચે કુવાડવા પોલીસ ચોકીનું નિર્માણ કરવામાં આવ્યું છે. પોલીસ ચોકીનું નિર્માણ થતા ઈન્ડસ્ટ્રીયલ ઝોનના ઉદ્યોગ સાહસિકો તેમજ આસપાસના વિસ્તાર વાસીઓને વિકટ વેળામાં તાત્કાલિક પોલીસની સહાય મળી રહેશે. જ્યારે આજે સવારે પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા, રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરીયા દ્વારા રેસકોર્સ ખાતે ઈન્ડોર બેડમિન્ટન કોર્ટનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. જનભાગીદારીથી રેસકોર્સ ખાતે રૂ.૭૨ લાખના ખર્ચે ઈન્ડોર બેડમિન્ટન કોર્ટનું નિર્માણ કાર્ય આજથી શરૂ કરવામાં આવ્યું છે.જેનું ભૂમિ પૂજન આજે સવારે શાસ્ત્રોક્ત વિધિ અનુસાર કરવામાં આવ્યું હતું. આ તકે ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા, ડીસીપી હેતલ પટેલ રાકેશ દેસાઈ, શહેર પોલીસમાં ફરજ બજાવતા એસીપી, પીઆઈ સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા.

# રાજકોટમાં પારેવડી ચોક ખાતે નેતાજી સુભાષચંદ્ર બોઝની પ્રતિમાને પુષ્પાંજલી



રાજકોટ,

ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામના અગ્રણી નેતા અને 'જય હિન્દ'નું સુત્ર આપનાર નેતાજી શ્રી સુભાષચંદ્ર બોઝની ૧૨૯મી જન્મજયંતિ નિમિતે પારેવડી ચોક ખાતે આવેલ પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરી, પદાધિકારીઓ તથા હોદેદારો દ્વારા મસ્તક નમન અને પ્રણામ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનીષભાઈ રાડીયા, ઉપપ્રમુખ મહેશભાઈ રાઠોડ, કોર્પોરેટર દિલીપભાઈ લુણાગરીયા, વિનોદભાઈ સોરઠીયા, મંજુબેન કુગસીયા, કંકુબેન ઉઘરેજા, મનસુખભાઈ વેકરીયા, મેનેજર કૌશિક ઉનાવા, કાર્યકરો, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સૌરાષ્ટ્ર યુનિ.ના પેપરમાં છબરડાના પગલે કુલપતિને ગાંધી-આંબેડકરની તસવીરો ભેટ કરતા વિદ્યાર્થીઓ

રાજકોટ,

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ફરી એકવાર વહીવટી અણઘડતા અને વિદ્યાર્થીઓના વિરોધને કારણે ચર્ચામાં આવી છે. ગત ૨૨ જાન્યુઆરીના રોજ લેવાયેલી બી.કોમ. સેમેસ્ટર-૧ ની પરીક્ષામાં 'પર્સનાલિટી ડેવલપમેન્ટ એન્ડ કોમ્યુનિકેશન સ્કિલ'ના ઓપ્શનલ પેપરમાં થયેલા છબરડા અને કુલપતિની ચેમ્બરમાં રાષ્ટ્રપિતા અને બંધારણના ઘડવૈયાની તસવીરો ન હોવાના મુદ્દે વિદ્યાર્થી આગેવાનોએ અનોખી રીતે વિરોધ નોંધાવ્યો હતો.કુલપતિની ચેમ્બરમાં મહાપુરુષોની તસવીરો



ભેટ અપાઈ વિદ્યાર્થી આગેવાનોએ કુલપતિ ડો. ઉત્પલ જોશીની ચેમ્બરમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી અને ડો. બાબાસાહેબ આંબેડકરની તસવીર ન હોવા અંગે નારાજગી વ્યક્ત કરી હતી. વિરોધના ભાગરૂપે વિદ્યાર્થીઓએ કુલપતિને ગાંધીજી, આંબેડકર અને શહીદ ભગતસિંહ સહિતના ક્રાંતિકારીઓની તસવીરો ભેટમાં આપી હતી અને ચેમ્બરમાં આ તસવીરો સન્માનપૂર્વક લગાવવા રજૂઆત કરી હતી.

ભવિષ્યમાં આવી ઘટના ન બને તે માટે કુલપતિએ 'મોડરેટ સિસ્ટમ' દાખલ કરવાની જાહેરાત કરી છે. જે મુજબ, હવેથી કોલેજોને પેપર ઈમેલ કરતા પહેલા ત્રણ અધ્યાપકો દ્વારા પેપર સેટ કરવામાં આવશે અને તેમાંથી પસંદ થયેલું પેપર સ્ટાઈલ અને માર્ક્સ મુજબ યોગ્ય છે કે કેમ, તેની ચકાસણી કર્યા બાદ જ પરીક્ષા કેન્દ્ર પર મોકલવામાં આવશે.

# ગુજરાત પોલીસ ભરતી શારિરીક પરીક્ષા અંગે ભાજપ અગ્રણી રાજુભાઈ ધ્રુવે માર્ગદર્શન આપ્યું

રાજકોટ,

ગુજરાત પોલીસમાં ભરતી માટે શારિરીક કસોટી ચાલી રહી છે.પરીક્ષાર્થીઓનો ઉત્સાહ અને આત્મવિશ્વાસ વધારતા ભાજપ અગ્રણી રાજુભાઈ ધ્રુવે પરીક્ષાર્થીઓને સંબોધતા જણાવ્યું હતું કે આ પરીક્ષાએ માત્ર હોડ નથી .

પરંતુ આત્મવિશ્વાસની કસોટી છે.રાજુભાઈ ધ્રુવ અને ભાવિકભાઈ અગ્રાવતે યુવાનોને સંકલ્પ સંયમ, આત્મવિશ્વાસ અંગે જરૂરી માર્ગદર્શન પુરું પાડયું હતું.બંન્ને અગ્રણીઓએ જણાવ્યું હતું કે ગુજરાતના લાખો યુવાનો માટે રોજગારી સાથે ગૌરવપૂર્ણ જવાબદારીનું સ્વપ્ન આ પોલીસ ભરતીથી



થઈ રહ્યું છે. ત્યારે ગુજરાત પોલીસમાં જોડાઈ દેશ-સમાજની સેવા કરવાનો સંકલ્પ કરે. ગુજરાત પોલીસ ભરતીની શારિરીક કસોટીમાં જોડાનાર યુવાનો પોતાના માતા-પિતાના સપનાઓ અને પોતાની મહેનતને સાકાર કરવા લાંબા સમયથી સખત પરીશ્રમ સાથે અવિરત તૈયારીઓ કરતા આવ્યા છે.

તે એક રાજય અને પરીવાર માટે ગૌરવની વાત ગણાવી હતી. રાજકોટ રેસકોર્સ ખાતેના એથ્લેટીકસ મેદાન ખાતે ભાવિક એકેડેમી દ્વારા યુવા ઉમેદવારોને પ્રેરણારૂપ માર્ગદર્શન અપાયુ હતું.એકેડેમીના કોચે યુવાનોને માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે પોલીસ ભરતી માટેની પરીક્ષામાં સહજતા અને સ્વચ્છતા સાથે આ પરીક્ષા ઉમેદવારો પાસ કરે તે માટે તેઓએ અથાગ પરીશ્રમ કરવો જરૂરી છે. ભાવિકભાઈ અગ્રાવતે યુવાનોને શારિરીક અને માનસિક રીતે મજબુત બનવા રાષ્ટ્રીય નેતાઓના ઉદાહરણ ટાંકી તેઓમાંથી પ્રેરણા લેવા આહ્વાન કર્યુ હતું.

# રવિવારે રાજકોટમાં મુસ્લિમ સમાજના વિદ્યાર્થીનો સત્કાર સમાંરભ

રાજકોટ,

જનસેવા પછાત વિકાસ ટ્રસ્ટ આયોજિત રાજકોટ શહેરના મુસ્લિમ સમાજના ધો.૮ થી ૧૨ તથા કોલેજની વિવિધ ફેકલ્ટીઓમાં ઉચ્ચ ગુણ મેળવીને ઉતીર્ણ તેજસ્વી તારલાઓના સત્કાર સમાંરભનું આગામી તા.૨૫ ને રવિવારના રોજ સુન્ની સુમરા જમાત ખાના, ખ્વાજા ચોક માં સવારે ૮:૩૦ થી બપોરે ૧ વાગ્યા દરમ્યાન આયોજન કરવામાં આવ્યું છે. તેજસ્વી તારલાઓને મહાનુભાવોના હસ્તે શિલ્ડ, સન્માનપત્ર તથા ઈનામ આપી બહુમાન કરવામાં આવશે.

# રાજકોટમાં બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આરોગ્યલક્ષી સેવાનો પ્રારંભ

રાજકોટ,

બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ બોલબાલા ફાઉન્ડેશન દ્વારા આરોગ્યલક્ષી સેવા શરુ કરવામાં આવી છે. જેના માટે સંસ્થા તરફથી હેલ્થ સ્કીમ કાર્ડ લાભાર્થીને એનાયત કરાશે. આ યોજના હેઠળ કરાર કરાયેલી હોસ્પિટલમાં લાભાર્થીને હોસ્પિટલમાં નિઃશુલ્ક કધસલ્ટેશનની વ્યવસ્થા કરી અપાશે. આયુષ્યમાન કાર્ડ અથવા મેડીકલ અને જો બન્ને સગવડ દર્દી પાસે ન હોય તેવા કિસ્સામા (સેન્ટ્રલ ગર્વહેલ્પ સ્કીમના દરો મુજબ રાહત અપાશે. રીપોર્ટ તથા ઈન્ડોર સારવાર કરી આપવામાં આવશે.

સંસ્થાના સભ્યો, સિનિયર સિટિઝન્સ, મહિલા પાંખ, પેન્શનર્સ ગ્રુપને નામાંકિત હોસ્પિટલમાં નિઃશુલ્ક નિદાન ૨૪●૭ના ધોરણે તથા ઈન્ડોર સારવારમાં આયુષ્યમાન કાર્ડ, મેડીકલ અથવા સીજીએચએસ કેન્દ્રના દરોથી સારવાર અપાશે. સરકારી દરોમાં બિનસરકારી સભ્યો તેમજ પેન્શનર્સને નિદાન-સારવારની સુવિધા મળશે.

બોલબાલા હેલ્થ સ્કીમ અંતર્ગત સંસ્થા સાથે જોડાયેલી હોસ્પીટલોમાં જયનાથ, શિવાની, દત્તાત્રેય, સત્યમ ડાયગ્નો સ્ટીક સેન્ટર, આસુતોષ મેટરનીટી સર્જીકલ હોમ, ગોકુલ, બીટી સવાણી કિડની, રાયલ પ્લસ સાશ્રવત વરદ્ મલ્ટી સ્પેશ્યાલીટી, વરસાણી, સાયન્ટીક ડાયગ્નોસ્ટીક સેન્ટર, મધુરમ, શ્રધ્ધા હોસ્પિટલ અને લેકવર સેન્ટરનો સમાવેશ થાય છે. ઓર્ડીનેશન કમીટીની રચના કરી છે.

જેમાં જયેશભાઈ ઉપાધ્યાય-મો. ૯૩૭૪૧ ૦૩૫૨૦ તેમજ હિતેશ પોપટ, અશોક હિંડોચા, પ્રફુલ્લભાઈ દાવડા, સુનીલભાઈ કોઠારી, વિજયભાઈ પારેખ, જયવંતભાઈ ચોવટીયા, અંકિતા ટાંક, સકિનાબેન સાલુવાલાનો સમાવેશ કરાયો છે. તેમ બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી હિતેશભાઈ પોપટે યાદીમાં જણાવ્યું છે.

# ઈન્ટર કોલેજ સ્વિમિંગ ચેમ્પિયન શિપ સ્પર્ધામાં રાજકોટની પ્રીશા ટાંકનું ઉત્કૃષ્ટ પ્રદર્શન

રાજકોટ,

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની જસાણી કોલેજ, રાજકોટમાં બીએ પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી પ્રતિભાશાળી સ્વિમર પ્રીશા રિતેશભાઈ ટાંકએ રાજ્ય તથા રાષ્ટ્રીય સ્તરની વિવિધ સ્વિમિંગ સ્પર્ધાઓમાં ઉત્તમ પ્રદર્શન કરી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું ગૌરવ વધાર્યું છે. તારીખ ૮/૧૨/૨૦૨૫ના રોજ યોજાયેલી સૌરાષ્ટ્ર ઈન્ટર કોલેજ સ્વિમિંગ ચેમ્પિયનશિપમાં પ્રીશાએ અલગઅલગ ઈવેન્ટ્સમાં ભાગ લઈ ૫ ગોલ્ડ મેડલ તેમજ ચેમ્પિયનશિપ ટ્રોફી જીતી શ્રેષ્ઠતા સાબિત કરી હતી.

આ ઉપરાંત પોરબંદર ઓપન વોટર સી સ્વિમિંગ નેશનલ



ચેમ્પિયનશિપમાં ૧ કિ.મી. ઈવેન્ટમાં ત્રીજો ક્રમ તથા ૫ કિ.મી. ઈવેન્ટમાં બીજો ક્રમ મેળવી મેડલ અને ટ્રોફી પ્રાપ્ત કરી હતી. તારીખ ૫/૧/૨૦૨૬ના રોજ દીવ ખાતે યોજાયેલી ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સ નેશનલ ચેમ્પિયનશિપમાં ઓપન વોટર સી સ્વિમિંગમાં ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરી પ્રીશાએ ઉત્કૃષ્ટ પ્રયાસ સાથે ૧૨મો ક્રમ પ્રાપ્ત કર્યો હતો, જે ખેલો ઈન્ડિયા સિલેક્શન માટે મહત્વપૂર્ણ સિદ્ધિ ગણાય છે.

તે ઉપરાંત તારીખ ૧૯/૧/૨૦૨૬ના રોજ વડોદરા ખાતે યોજાયેલા ખેલ મહાકુંભમાં અલગઅલગ ઈવેન્ટ્સમાં ભાગ લઈ ૨ ગોલ્ડ મેડલ તથા ૧ સિલ્વર મેડલ મેળવી પોતાની પ્રતિભાનો વધુ એક વખત પરિચય આપ્યો. આ રીતે માત્ર એક મહિના દરમિયાન પ્રીશા રિતેશ ટાંકે કુલ ૮ મેડલ તથા ૩ ટ્રોફી જીતવાની પ્રશંસનીય સિદ્ધિ હાંસલ કરી છે.

# રાજકોટ ગાર્ડી વિદ્યાપીઠના કર્મચારીઓનું એકસેલેન્સ એવોર્ડથી સન્માન

રાજકોટ,

ગાર્ડી વિદ્યાપીઠ દ્વારા સંસ્થામાં જોડાયેલા વિવિધ કોલેજના ટીચીંગ અને નોન ટીચીંગ સ્ટાફની કાર્યક્ષમતાને બિરદાવવા એવોર્ડ સેરેમની કાર્યક્રમ યોજી કુલ ૩૭ સ્ટાફ કર્મચારીઓનું એવોર્ડથી સન્માન કરાયુ હતુ.આ તકે સંસ્થાના ચેરમેન ડી.વી.મહેતા, એમ.ડી.જય મહેતાએ શુભકામના પાઠવી હતી અંતમાં આભારવિધી પ્રો.ડો.શ્રધ્ધા વ્યાસે કરી હતી. સંસ્થાના પ્યુન, ડ્રાઈવર અને સફાઈ કર્મચારીઓનું સન્માન કરાયું હતું.

# ટાટા એઆઈએ લાઈફે પ્રીમિયમ ઓફસેટ અને ગેરંટીડ ઈન્કમ વિકલ્પો સાથે લાંબા ગાળાની બચતને વધુ સરળ બનાવી

મુંબઈ,

ભવિષ્ય માટે બચત મોટાભાગના લોકો કરવા માંગે છે પરંતુ લાંબા ગાળાની બચત યોજનાને વળગી રહેવું ઘણીવાર મુશ્કેલ લાગે છે. ઘરખર્ચમાં વધારો, પ્રાથમિકતાઓ બદલાવી અને દર વર્ષે પ્રીમિયમ ચૂકવવાનું દબાણ લાંબા ગાળાની પ્રતિબદ્ધતાઓને ટકાવી રાખવા મુશ્કેલ બનાવી શકે છે. બચતને સરળ અને વધુ સસ્તી બનાવવા માટે, ટાટા એઆઈએ લાઈફ ઈન્શ્યોરન્સેતેની લાંબા ગાળાના સેવિંગ્સ પ્લાન, ફોર્ચ્યુન ગેરંટી સુપ્રીમ માં વધારો કર્યો છે, જેમાં એવી સુવિધાઓ ઉમેરાઈ છે જે ગેરંટીકૃત વળતર ઓફર કરતી વખતે નાણાંકીય બોજને હળવો કરે છે. 'પાવર ઓફ ૬' વેરિઅન્ટ ગ્રાહકોને ૬ ટકાના ઈઈની આકર્ષક ગેરંટી આપીને વિશ્વસનીય લાંબા ગાળાના સોલ્યુશન્સ પર કંપનીના ધ્યાનને મજબૂત બનાવે છે.

બાળકોના શિક્ષણ, નિવૃત્તિ અને આવક સુરક્ષા જેવાજીવન લક્ષ્યો માટે આયોજન કરતા વ્યક્તિઓ માટે બનાવવામાં આવેલુંઆ વેરિઅન્ટ નાણાંકીય આયોજનમાં વધુ વિશ્વાસ પ્રદાન કરવા માટે જીવન વીમા સુરક્ષા સાથે ખાતરીપૂર્વકના વળતરને જોડે છે. આ સુધારા સાથે, ટાટા એઆઈએ લાઈફ ઈન્શ્યોરન્સ ગ્રાહકોને ખચકાટ અને ખર્ચ-સંબંધિત ચિંતાઓથી આગળ વધવામાં મદદ કરવાનો ઉદ્દેશ્ય ધરાવે છે તથા તેમને વધુ સરળતા, આત્મવિશ્વાસ અને સ્પષ્ટતાસાથે લાંબા ગાળાની બચત માટે પ્રતિબદ્ધ થવા માટે સશક્ત બનાવે છે.

# રાજકોટના વોર્ડ નં.૧૪માં રૂા.૧૭.૨૦ કરોડના ખર્ચે એ.સી.કોમ્યુનિટી હોલ બનશે

## ૮૦ ફૂટ રોડ પર શેઠ હાઈસ્કૂલની બાજુમાં અદ્યતન બિલ્ડિંગ તૈયાર કરાશે, ટેન્ડર પ્રસિધ્ધ

રાજકોટ,

રાજકોટ મહાનગર પાલિકા દ્વારા લોકોની સુખાકારી માટે લગભગ તમામ વોર્ડમાં કોમ્યુનિટી હોલ બનાવ્યા છે. છતાં પ્રસંગોપ્રાત જરૂરિયાતો વધતા મનપાએ વોર્ડ નં.૧૪માં શેઠ હાઈસ્કૂલની બાજુમાં નવા અદ્યતન એસી કોમ્યુનિટી હોલ બનાવવા માટે ટેન્ડર પ્રસિધ્ધ કરવામાં આવ્યુ છે. રૂા.૧૭.૨૦ કરોડના ખર્ચે પાર્કિંગ પ્લસ ચાર માળનું બિલ્ડિંગ તૈયાર કરવામાં આવશે.

મહાનગરપાલિકાના બાંધકામ વિભાગમાંથી પ્રાપ્ત થયેલ વિગત મુજબ વોર્ડ નં.૧૪માં વસવાટ કરતા લોકોની પ્રસંગોની જરૂરિયાતો સામે હાલમાં ઉપસ્થિત લગ્નહોલ કાયમી હાઉસફૂલ રહેતા હોવાથી આ વિસ્તારમાં વધુ કોમ્યુનિટી હોલની માંગ ઉઠવા પામી છે. જેના લીધે હાલના શાસકોએ આવનારી ચૂંટણીને ધ્યાનમાં રાખી લોકોની સુવિધાઓ પુરી કરવા માટે કોમ્યુનિટી હોલ બનાવવાનો નિર્ણય લીધો હતો. જેના માટે ૮૦ ફૂટ રોડ ઉપર આવેલ શેઠ હાઈસ્કૂલની બાજુમાં કોમ્યુનિટી હોલ બનાવા માટે ડિઝાઈન સહિતની કામગીરી પૂર્ણ કરી રૂા.૧૭.૨૦ કરોડનુ એસ્ટીમેન્ટ તૈયાર કરવામાં આવ્યુ છે અને આજરોજ ટેન્ડર પ્રસિધ્ધ કરાયુ છે.

વોર્ડ નં.૧૪માં ૮૦ ફૂટ રોડ પર રૂા.૧૭.૨૦ કરોડના ખર્ચે કોમ્યુનિટી હોલ બનાવવાનુ ટેન્ડર પ્રસિધ્ધ થયુ છે. ત્યારે બીડ કમ્પલીટ થયા બાદ સ્ટેન્ડિંગમાં દરખાસ્ત રજૂ કરવામાં આવશે. જેને મંજૂરી મળ્યે વર્ક ઓર્ડર આપી વોર્ડ નં.૧૪ના નવા કોમ્યુનિટી હોલનું કામ શરૂ કરી સમય મર્યાદામાં પૂર્ણ કરવામાં આવશે.

# વેરાવળ : નવનિયુક્ત અનુ.જાતિ મોરચાના પ્રદેશ પ્રમુખ પ્રો.ડો.કિરીટ સોલંકીનું સન્માન



વેરાવળ,

ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા નવ નિમણૂક પામેલા અનુસૂચિત જાતિ મોરચાના પ્રદેશ પ્રમુખ પ્રો. ડો. કિરીટભાઈ સોલંકી અને પૂર્વ સાંસદ તથા અનુસૂચિત જાતિ આયોગના સભ્ય રાજુભાઈ પરમારની મુલાકાત સામાજિક કાર્યકર ભગવાન ભાઈ સોલંકી સહિતનાએ કરેલ જયારે સખી મંડળની બહેનોએ હાથથી બનાવેલ ચાકળો અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે જેન્તીભાઈ આંજણી સહીતના સાથે રહેલ હતા.

# ભાવનગર-પોરબંદર પેસેન્જર ટ્રેનને અમરેલી નજીક ઉથલાવવાનો પ્રયાસ







(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલીઃ અમરેલી નજીક ખીજડીયા જંકશનથી ચિતલ રેલવે સ્ટેશન વચ્ચે કિ.મી.૫૪/૫ થી કી.મી. ૫૪/૮ ની વચ્ચે રેલ્વે લાઈનના પાટ્ટા ઉપર ભાવનગર-પોરબંદર પેસેન્જર ટ્રેન ઉથલાવવાનું કાવતરું કરવામાં આવેલ હોય તેમ આ રેલવે ટ્રેક પર પથ્થરો અને પિલોર ગોઠવી દેવાયા હતા. પરંતુ ટ્રેનનાં પાયલોટની અગમચેતીના કારણે આ પેસેન્જર ટ્રેન રોકી દેવામાં આવી હતી. આ ઘટનાને પગલે ચકચાર મચી જવાં પામેલ છે. જ્યારે આ બનાવમાં રેલવે સુરક્ષા દળ અને ગુપ્તચર એજન્સીઓ દ્વારા ઘટનાં સ્થળે આવી તપાસ હાથ ધરી છે. આ બનાવ અંગે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં રેલ્વે વિભાગનાં સીનીયર સેકશન એંન્જીંનીયરે અજાણ્યા ઈસમો સામે ફરિયાદ નોંધાવી છે.

આ બનાવમાં જાણવાં મળતી વિગત મુજબ ગઈકાલે જ્યારે ભાવનગર-પોરબંદર પેસેન્જર ટ્રેન ખીજડીયા જંકશનથી ચિતલ રેલવે સ્ટેશન વચ્ચે કિ.મી.૫૪/૫ થી કી.મી. ૫૪/૮ ની વચ્ચે રેલ્વે લાઈનના પાટ્ટા ઉપરથી પસાર થઈ રહી હતી, ત્યારે લોકો પાયલટની સતર્કતાને કારણે મોટી હોનારત ટળી હતી. રેલવે ટ્રેક પર અચાનક મોટા પથ્થરો અને ફેન્સિંગ માટે વપરાતા સિમેન્ટના પોલ આડા પડેલા જોવા મળ્યા હતા.

આ ટ્રેનનાં પાયલટે સમયસૂચકતા વાપરી ટ્રેન ઉભી રાખી દીધી હતી. અને ટ્રેક પરથી અવરોધો દૂર કર્યા બાદ ટ્રેનને આગળ રવાના કરી હતી. વચ્ચે ભાવનગર-પોરબંદર પેસેન્જર ટ્રેન પસાર થવાનાં સમયે કોઈ અજાણ્યા ભાંગફોડિયા તત્વો દ્વારા આ ટ્રેન ઉથલાવવાનું કાવતરું કરવામાં આવેલ હોય તેમ આ રેલવે ટ્રેક પર પથ્થરો અને પિલોર ગોઠવી દેવાયા હતા. પરંતુ ટ્રેનનાં પાયલોટની અગમચેતીના કારણે આ પેસેન્જર ટ્રેન રોકી દેવામાં આવી હતી. આ ઘટનાને પગલે રેલવે સુરક્ષા દળ અને ગુપ્તચર એજન્સીઓ દ્વારા ઘટનાં સ્થળે આવી તપાસ હાથ ધરી

### રેલવે ટ્રેક પર પથ્થર અને ફેન્સિંગ પોલ મુકી દીધા : ચિતલ-ખીજડિયા વચ્ચે સમયસર ડ્રાઈવરની નજર પડી જતાં ઈમરજન્સી બ્રેક મારીને ટ્રેનને થંભાવી દેવાથી મોટી દુર્ઘટના ટળી

ગુજરાતમાં ફરી એક વખત રેલવે ટ્રેક ઉપર પેસેન્જર ટ્રેનમાં મુસાફરી કરી રહેલાં નિર્દોષ મુસાફરોની જિંદગી જોખમમાં મૂકવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જેમાં અમરેલી તાલુકાના ચિતલ અને ખીજડિયા રેલવે સ્ટેશન વચ્ચે અજાણ્યા શખ્સો દ્વારા ટ્રેન ઉથલાવવાના ઈરાદે ટ્રેક પર પથ્થરો અને ફેન્સિંગના પોલ ગોઠવવામાં આવ્યા હોવાની ચોંકાવનારી ઘટના બની હતી.

આ બનાવ અંગે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં રેલ્વે વિભાગનાં સીનીયર સેકશન એંન્જીંનીયરે અજાણ્યા ઈસમો સામે ફરિયાદ નોંધાવી છે. અમરેલી તાલુકાના ચિતલ અને ખીજડિયા રેલવે સ્ટેશન વચ્ચે જે જગ્યાએ આ પથ્થરો મૂકવામાં આવ્યા હતા, તે વિસ્તારની આસપાસ ગાઢ ઝાડીઓ આવેલી છે. તપાસનીશ એજન્સીઓને શંકા છે કે કોઈ અજાણ્યા તત્વોએ અવાવરુ જગ્યાનો લાભ લઈને આ ભયાનક કારસ્તાન કર્યું છે.

હાલ પોલીસ આસપાસના વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચલાવી રહી છે. અને અજાણ્યા શખ્સો વિરુદ્ધ ગુનો નોંધવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. આ કોઈ માથાભારે તત્વોનું તોફાન છે કે પછી ટ્રેન ઉથલાવી મોટી જાનહાનિ સર્જવાનું કોઈ ઊંડું કાવતરું? તે દિશામાં ડૉગ સ્કોર્ડ તથા નિષ્ણાત એજન્સીઓ ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે.

# સાવજના લટારથી લોકોમાં વ્યાપ્યો ભય

### જાફરાબાદના સરોવડામાં સાવજોએ વાછરડાનું મારણ કર્યું



રાજુલા:જાફરાબાદના સરોવડામાં ફરી એકવાર સિંહોની લટારથી લોકોમાં ભયનો માહોલ સર્જાયો છે. ગામની બજારમાં સાવજોના આંટાફેરાથી ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો છે.

શિકારની શોધમાં આવેલા સિંહે એક વાછરડાની પાછળ દોટ લગાવતા ગાયે પણ વાછરડાને બચાવવા સિંહ સામે દોટ લગાવી હતી.

આ દરમિયાન બજાર વિસ્તારમાં સિંહો અને ગાયો વચ્ચે થયેલી દોડધામ નજીકના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે. સિંહે ગામની અંદર જ વાછરડાનો શિકાર કર્યો હતો.

શિકાર કર્યા બાદ સિંહ મૃત વાછરડાને ગામની બહાર લઈ ગયો હતો. સિંહના શિકાર અને ગામમાં પશુઓમાં થયેલી અફરાતફરીનો વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો હતો.ત્યારે સરોવડામાં સાવજોના આંટાફેરાથી વન વિભાગ પેટ્રોલીગ વધારે તેવી ગ્રામજનોમાં માંગણી ઉઠી છે.

# સાસંદ અને DDOને આવેદન અપાયું

### જિલ્લામાં ટીએલઈ,મેનપાવર અને ૧૫માં નાણાંપંચમાં ફરજ બજાવતા કમીઓને છુટા કરતા ભારે રોષ

અમરેલી:અમરેલી જિલ્લા ઉપરાંત સમગ્ર રાજ્યમાંથી ઈગ્રામ વિશ્વગ્રામ યોજના અંતર્ગત તાલુકા કક્ષાએ ટી.એલ.ઈ, મેનપાવર, ૧૫માં નાણાંપંચમાં ફરજ બજાવતા કર્મચારીઓ ૨૦૦૭થી નોકરી કરી રહ્યા છે.

જેમને આગામી તારીખ ૧ ફેબ્રુઆરીથી એકા એક છુટા કરવામા આવતા કર્મચારીઓમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

આ તકે અમરેલી જિલ્લામાં ફરજ બજાવતા ઈગ્રામના તમામ કર્મચારીઓએ રાજ્યકક્ષાના મંત્રી કૌશિકભાઈ વેકરીયા, અમરેલીના સાસંદ ભરતભાઈ સુતરીયા, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ



કાનાણી અને અમરેલી જિલ્લા વિકાસ અધિકારીને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી હતી.

રજૂઆતમાં તેમણે જણાવ્યું હતુ કે છેલ્લા ૧૯વર્ષથી અમરેલી જિલ્લા તેમજ તાલુકા કક્ષાએ ઈગ્રામ વિશ્વગ્રામ યોજના અંતર્ગત TLE, મેનપાવર, 15FCના CE, TA પોસ્ટ ઉપર સંપૂર્ણ નિષ્ઠા, ઈમાનદારી અને જવાબદારી સાથે ફરજ બજાવતા આવ્યા છે.

બે દાયકા દરમિયાન અમોએ માત્ર નોકરીરૂપે નહિ પરંતુ સરકારની મહત્વપૂર્ણ ડિજિટલ યોજના પ્રત્યે સેવા ભાવનાથી કાર્ય કર્યું છે.ગ્રામ પંચાયત સ્તરે ઈ ગવર્નન્સની કામગીરી, નાગરિકોને ડિજિટલ સેવાઓ ઉપલબ્ધ કરાવી, ઓનલાઈન પ્રમાણપત્રો, વિવિધ સરકારી યોજનાઓની અમલવારી, ટેકનિકલ સહાય અને ગ્રામ્ય જનતાને માર્ગદર્શન તેમજ ઓફિસની તમામ પ્રકારની કામગીરી મર્યાદિત સાધનો અને વ્યક્તિગત મુશ્કેલીઓ વચ્ચે પણ નિષ્ઠાપૂર્વક નિભાવી છે.

તાજેતરમાં આ કર્મચારીઓને ફરજ પરથી છૂટા કરવા અંગે પત્ર પાઠવવામાં આવ્યા છે. જેના કારણે આ કાર્મચારીઓ મુશ્કેલીમાં મુકાયા છે. ત્યારે ફરજ પરથી છૂટા કરવાની કાર્યવાહી તાત્કાલિક સ્થગિત કરવામાં આવે તેવી કર્મચારીઓએ માંગ કરી હતી.

## ટ્રેકટરમાં હુક તુટતા યુવક નીચે પટકાતા મોત નિપજ્યું

અમરેલી:લાઠીના હીરાણામાં ટ્રેકટરમાં હુક તુટી જતા ૩૬ વર્ષિય યુવક નીચે પટકાયો હતો અને ગંભીર ઈજાના કારણે તેનું મોત નિપજ્યું હતું. આ ઘટનાને પગલે પરિવારમાં આક્રંદ સવાયો હતો.ઘટનાની મળતી માહિતી મુજબ, લાઠીના હીરાણા ગામે રહેતા બીપીનગીરી ભીખુગીરી ગોસાઈએ પોલીસને જણાવ્યું હતું કે ૨૧ જાન્યુઆરીના રોજ સાંજના સાડા આઠેક વાગ્યાના સુમારે ભાવેશગીરી ભીખુગીરી ગોસાઇ (ઉ.વ.૩૬) ટ્રેકટર તથા ટ્રોલીની વચ્ચે પાટલી ઉપર ઉભા હોય અચાનક ટ્રોલીને ટ્રેકટર સાથે ફીટ કરવાનું હુક તુટી ગયુ હતું.જેના કારણે ભાવેશગીરી ગોસાઈ નીચે પડી જતા ટ્રોલીની લોખંડની ઈન્ગલો સાથે માથુ ભટકાઈ ગયું હતું. આ ઘટનામાં તેને ગંભીર ઈજા પહોંચી હતી.

# બે ઈસમને પાસા હેઠળ જેલમાં ધકેલતી અમરેલી એલ.સી.બી.





અમરેલી:અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સંજય ખરાત દ્વારા અમરેલી જિલ?લામાં અસામાજીક પ્રવૃતિ કરનાર ઈસમો ઉપર કડક હાથે કાર્યવાહી કરવા તેમજ અમરેલી જિલ્લામાં ચોરી, લુંટ સહિતના મિલકત-સબંધી ગુન્હાઓ કરવાની ટેવ વાળા ઈસમો, કે જે નાગરિકોની માલ-મિલ્કતની ચોરી કરતા હોય, આવા મિલકત સબંધી ગુનાઓ આચરતા ભયજનક ઈસમો સામે કડક હાથે કાર્યવાહી કરવા અને આવા ગુનેગારોને કાયદાનું ભાન થાય, તેમજ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુદ્રઢ બને તે માટે પાસા-તડીપારના પ્રવર્તમાન કાયદાઓ હેઠળ કાર્યવાહી કરવા માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.ડી.ચાવડાએ અમરેલી જિલ્લામાં મિલકત સબંધી ગુનાઓ આચરતો બે પરપ્રાંતિય શખ્સો ઈસમો વિરૂધ્ધ પુરાવાઓ એકઠાં કરી, પાસા દરખાસ્ત તૈયાર કરી, પોલીસ અધિક્ષક મારફતે જિલ્લા મેજિસ?ટ્રેટ તરફ મોકલી આપેલ હતી.

લોકોની માલ—મિલકત જેના કારણે જોખમમાં મુકામ શકે તેવા ઈસમોની સમાજ-વિરોધી પ્રવૃત્તિ પર અંકુશ લાવવાનું જરૂરી જણાતાં, અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ વિકલ્પ ભારદ્વાજ દ્વારા બે ઈસમો વિરુધ?ધ પાસાનું વોરંટ ઈસ્યુ કરતાં, અમરેલી પોલીસ અધિક્ષકની સુચના મુજબ અમરેલી એલ.સી.બી. ટીમ દ્વારા મધ્યપ્રદેશના વતની અને હાલ બાબરા તાલુકાના રાયપુર ગામની સીમમાં રહેતાં કુવરસીગ માધુભાઇ બાંગડીયાને પાલનપુર જિલ્લા જેલ ખાતે તથા મધ્યપ્રદેશના વતની અને હાલ અમરેલી તાલુકાના વડેરા ગામે રહેતાં રાહુલ કાળુભાઇ બાંગડીયાને મધ્યસ્થ જેલ, વડોદરા ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપવા તજવીજ કરેલ છે.

## બગસરાના વેપારી સાથે કારના બહાને ૪.૬૦ લાખની છેતરપીંડી

અમરેલી:બગસરાના વેપારીને કારના બહાને રાજકોટના શખ્સે ૧૭.૯૦ લાખ પડાવી લીધા હતા. અહીં વેપારીને ૪.૬૦ લાખ પરત ન આપી છેતરપીંડી આચરી હતી.આ અંગે બગસરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. મુળ બગસરાના નવા જાંજરીયાના વતની અને હાલ હરીયાણાના પલવલમાં રહેતા વિવેકભાઈ જીતેન્દ્રભાઈ કોલડીયા (ઉ.વ.૨૬)એ રાજકોટના વર્ધમાન હાઈટ્સ વિભાગ ૦૨ ફુટરીંગ રોડ પર રહેતા હાર્દનગીરી ભુપતગીરી રામદતી સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે તેને કાર લેવાની હતી.ત્યારે હાર્દનગીરી રામદતીનો સંપર્ક કરતા તેણે વિવેકભાઈ કોલડીયાને વિશ્વાસમાં લઈ રૂપિયા ૧૭.૯૦ લાખ પડાવી લીધા હતા.ત્યારબાદ વિવેકભાઈ કોલડીયાને કારની ડીલીવરી આપી ન હતી. તેમજ દસ લાખની લોન તેમજ રૂપિયા ૩,૨૯,૫૦૦ વિવેકભાઈને પરત આપ્યા હતા.આ ઉપરાંત ૪.૬૦ લાખ પરત આપ્યા ન હતા અને છેતરપીંડી આચરી હતી. આ અંગે બગસરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા એએસઆઈ હિતેષભાઈ વાળા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

**યુવકને ઘેટા ચરાવવાનું કહી માર માર્યો**

દામનગરમાં યુવકને ઘેટા ચરાવવાનું કહી પાંચ લોકોએ માર માર્યો હતો. ઉપરાંત હાથમાં પહેરેલું દોઢ લાખનું ચાંદીનું કડુ પણ લૂંટી લીધું હતું. આ અંગે દામનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી.

આ બનાવ અંગેની પોલીસમાંથી મળતી વિગત મુજબ, કચ્છના ભચાઉમાં જુના વાડા ગામે રહેતા અરજણભાઈ વકુભાઈ ખાંભલા (ઉ.વ.૪૦)એ અર્જુન નાવડીયા, કિશન પરમાર, નીર, હાર્દિક ઉર્ફે બાવલો ગોરધનભાઈ નાવડીયા અને એક અજાણ્યા શખ્સ સામે દામનગર પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે તે ઘેટા ચરાવવા માટે દામનગર પંથકમાં નીકળ્યા હતા.ત્યારે અરજણભાઈ અને સાંગાભાઈ કાનાભાઈ આલને અર્જુન નાવડીયા અને કિશન પરમારે તેના ખેતરમાં ઘેટા ચારવાનું કહી અવાવરૂ ખેતરમાં લઈ ગયા હતા.

### કોડીનાર જખલા વાડીમાં LCBની મોટી કાર્યવાહી

# ઘોડી પાસાનો જુગાર રમતા ૬ ઝડપાયા, રૂપિયા ૧.૭૦ લાખનો મુદ્દામાલ જપ્ત

ગીર સોમનાથ:ગીર સોમનાથ જિલ્લામાં ગેરકાયદેસર જુગાર અને પ્રોહિબિશનની પ્રવૃત્તિઓ સામે પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. જૂનાગઢ રેન્જના આઇ.જી.પી. નિલેશ જાજડીયા અને ગીર સોમનાથ જિલ્લાના પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજાની સૂચનાથી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા સમાજવિરોધી પ્રવૃત્તિઓને ડામવા માટે વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે.

આ ઝુંબેશના ભાગરૂપે, એલ.સી.બી. પોલીસ દ્વારા કોડીનાર વિસ્તારમાં સફળતાપૂર્વક કાર્યવાહી કરવામાં આવી. એલ.સી.બી.ના પો.ઈન્સ્પેક્ટર એસ.વી. રાજપૂત, પો.સબ ઈન્સ્પેક્ટર એ.સી. સિંધવ અને પો.સબ ઈન્સ્પેક્ટર એચ.એલ. જેબલીયાની રાહબરી હેઠળની ટીમને મળેલી બાતમીના આધારે કોડીનારના જખલા વાડી ટાઉન વિસ્તારમાં ઘોડી પાસાના જુગાર પર દરોડો પાડવામાં આવ્યો હતો.

પોલીસની આ અચાનક રેઈડ દરમિયાન જુગાર રમતા કુલ છ ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા



હતા, જ્યારે એક ઈસમ નાસી છૂટ્યો હતો. સ્થળ પરથી રોકડ રકમ, મોબાઈલ ફોન અને જુગાર માટે ઉપયોગમાં લેવાતા ઘોડી પાસા સહિતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.જપ્ત કરાયેલા મુદ્દામાલમાં ?૪૦,૩૦૦ રોકડા, ૧,૩૦,૦૦૦ની કિંમતના ચાર મોબાઈલ ફોન અને બે ઘોડી પાસાનો સમાવેશ થાય છે. આમ, કુલ ૧,૭૦,૩૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ સમગ્ર મામલે કોડીનાર પોલીસ સ્ટેશન ખાતે જુગારધારા કલમ-૧૨ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ઝડપાયેલા ઈસમો:હમીર ઉર્ફે કાનો જીવણભાઇ ચોહાણ (ઉ.વ. ૩૫),ભરતભાઇ લક્ષ્મણભાઇ ક્રીપલાણી (ઉ.વ.૨૮),નજીરભાઇ હુશેનભાઇ જેઠવા (ઉ.વ.૩૨), અંકિતભાઇ રામભાઈ મેર (ઉ.વ. ૩૨),મનુભાઇ નારણભાઇ ચાવડા (ઉ.વ. ૪૦) આ તમામ કોડીનારના રહેવાસી છે. ભરત ઉર્ફે અભલો બોધાભાઈ સોલંકી નામનો ઈસમ પોલીસને ચકમો આપી નાસી છૂટ્યો હતો.

કોડીનાર સહિત સમગ્ર ગીર સોમનાથ જિલ્લામાં જુગાર જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર પોલીસ દ્વારા સતત નજર રાખવામાં આવી રહી છે. તાજેતરની આ કાર્યવાહીથી જુગારખોરોમાં ફફડાટ ફેલાયો છે, જ્યારે સ્થાનિક નાગરિકોમાં પોલીસની કામગીરી પ્રત્યે સંતોષની લાગણી જોવા મળી રહી છે. ગીર સોમનાથ પોલીસે સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે સમાજને બગાડતી કોઈપણ ગેરકાયદેસર પ્રવૃત્તિ સામે કાયદાની કડક કાર્યવાહી કરવામાં આવશે.

## પાટી માણસા નજીક કાર- બાઈક વચ્ચે અકસ્માતમાં આધેડનું મોત

અમરેલી:જાફરાબાદના પાટી માણસા નજીક કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં સેંજળ ગામના આધેડનું મોત નિપજ્યું હતું. લગ્ન પ્રસંગમાં જતા આધેડને અકસ્માત નડ્યો હતો.

સાવરકુંડલાના સેંજળ ગામે રહેતા ભનુભાઈ રામભાઈ ખુમાણ તેનું બાઈક નંબર જી.જે.૦૪.આર-૨૪૩૫ લઈને શાળા વાકીયા ગામે લગ્નમાં જતા હતા. ૨૨ જાન્યુઆરીના રોજ બપોરના ત્રણેક વાગ્યાના સુમારે લોર પાટી માણસા ગામની વચ્ચે પેટ્રોલપંપ પાસે પહોંચતા કાર નંબર જી.જે.૦૩.એમ.ઈ-૮૫૩૩ના ચાલકે પુરપાટ ઝડપે ચલાવી બાઈક સાથે અકસ્માત કર્યો હતો.અકસ્માતની આ ઘટનામાં બાઈક ખાળીયામાં ખાબકી હતી. અહી ગંભીર ઈજાના કારણે ભનુભાઈ રામભાઈ ખુમાણનું મોત નિપજ્યું હતું.

અકસ્માતની આ ઘટના અંગે કાર નંબર જી.જે.૦૩.એમ.ઈ-૮૫૩૩ના ચાલક સામે મૃતકના ભાઈ હનુભાઈ રામભાઈ ખુમાણે નાગેશ્રી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પીએસઆઈ આર.આર.ગળચર વધુ તપાસ ચલાવી રહ્યા છે.

**શાળાએ અભ્યાસ અર્થે જતી સગીરા સાથે શખ્સે અડપલા કર્યા**

સાવરકુંડલાના મોટા જીંજુડામાં શાળાએ અભ્યાસ અર્થે જતી સગીરાનો એક શખ્સે પીછો કરી અડપલા કર્યા હતા. તેમજ સોશિયલ મીડિયામાં તેના ફોટા વાયરલ કરવાની ધમકી આપતા છાત્રાએ હાથની કલાઈ પર બ્લેડ મારી દીધી હતી. આ અંગે સાવરકુંડલા રૂરલ પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.વિદ્યાર્થીનીના પરિવારે મોટા જીંજુડાના રાહુલ પરષોત્તમભાઈ કાલેણા સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતુ કે સગીરા પીઠવડી ખાતે હાઈસ્કૂલમાં અભ્યાસ અર્થે જતી હતી. તે સમયે રાહુલ કાલેણાએ તેની સાથે વાતચીત કરી હતી. છ માસ પૂર્વે સગીરાએ તેને વાતચીત કરવાની ના પાડતા રાહુલે સગીરાનો પીછો કર્યો હતો. તેમજ શરીરે અડપલા કર્યા હતા.

# અમરેલીમાં ૪૫થી વધુ લોકોને શ્વાને બચકાં ભર્યા બાદ તંત્ર જાગ્યું

### ૧૬૦૦ જેટલા રખડતા શ્વાનનું રસીકરણ કરાશે, ભાવનગર વેટરનરીની ટીમો બોલાવાઈ

અમરેલી:અમરેલી શહેરમાં બાળકો, મહિલાઓ અને પુરુષો સહિત ૪૫થી વધુ લોકો પર શ્વાન દ્વારા હુમલા અને બચકા ભરવાની ઘટનાઓ બાદ નગરપાલિકાએ કડક કાર્યવાહી હાથ ધરી છે. શહેરના વિવિધ વિસ્તારોમાં સર્વે કર્યા બાદ ૧૬૦૦ જેટલા રખડતા શ્વાનને રસીકરણ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ કામગીરી માટે ભાવનગરથી વેટરનરી ડોકટરોની



ટીમો બોલાવવામાં આવી છે. હાલમાં, શહેરના ૧૦ વિસ્તારોમાં બે ટીમો દ્વારા શ્વાનને પકડીને હડકવા વિરોધી રસી આપવાનું શરૂ કરવામાં આવ્યું છે. રસીકરણની આ કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે.

ભાવનગરની એજન્સીના ગોપીબેન ચાવડાએ જણાવ્યું કે, નગરપાલિકા અને હસ્તી કોર્પોરેશન દ્વારા અમરેલીમાં રખડતા શ્વાનનું વેક્સિનેશન અને ડીવોર્મિંગ કરવામાં આવી રહ્યું છે. અમારી બે ટીમો અને બે ડોકટરો દ્વારા તમામ વિસ્તારોમાં રસીકરણની કામગીરી શરૂ કરવામાં આવી છે.

અમરેલી નગરપાલિકાના ચીફ ઓફિસર વિનોદ રાઠોડે માહિતી આપી કે, નગરપાલિકાએ હસ્તી કોર્પોરેશન સાથે મળીને બે ટીમો ઉતારી છે. ડોકટરો અને સ્ટાફ સાથે રસીકરણ અને ડીવોર્મિંગની કામગીરી શરૂ કરાઈ છે, જેથી શ્વાનોની આક્રમકતા અને આતંક ઓછો થશે. આ કામગીરી શહેરના તમામ વિસ્તારોને આવરી લેશે.

# અમરેલી, રાજકોટ, મોરબી, જામનગર સહિતના જિલ્લાઓમાં થયેલ છેતરપીંડીના ૨૦ બનાવોનો ભેદ ઉકેલતી અમરેલી એલ.સી.બી.

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલીઃ બિમારી/દુઃખ દર્દ દુર કરવા તેમજ ધાર્મિક વીધી કરવાના બહાને વિશ્ર્વાસમાં લઈ રોકડ, સોનાના દાગીનાની છેતરપીંડી કરતી ગેંગના ત્રણ સભ્યોને રૂપિયા ૨,૫૦,૫૦૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી, અમરેલી, રાજકોટ, મોરબી, જામનગર સહિતના જિલ્લાઓમાં થયેલ છેતરપીંડીના ૨૦ બનાવોનો ભેદ ઉકેલતી અમરેલી એલ.સી.બી.ટીમ

અમરેલી એલ.બી.ટીમે ચોક્કસ માહિતી મેળવી ધાર્મિક વિધી કરી બિમારી તેમજ દુઃખ દર્દ દુર કરવાના બહાને છેતરપીંડી વિશ્ર્વાસઘાત કરી, સોનાના દાગીના તથા રોકડ પડાવતી ગેંગના રાજકોટ, ભારતનગર, મેઈન રોડ, આજીડેમ ચોકડી પાસે રહેતાં રમેશભાઈ ઉર્ફે રમેશનાથ જવેરભાઈ લકુમ, ભરતભાઈ ઉર્ફે ભરતનાથ સુરાભાઈ લકુમ તથા ઉપેન્દ્રભાઈ મીઠાભાઈ લકુમ નામનાં ત્રણ ઈસમોને રોકડ રકમ રૂપિયા ૧૮,૦૦૦ એક ૧૭.૫ કેરેટ સોનાનો ઢાળીયો વજન ૭.૦૯ ગ્રામ કિંમત રૂપિયા ૮૦,૦૦૦, એક



૧૮.૧ કેરેટ સોનાનો ઢાળીયો વજન ૫.૫૯ ગ્રામ કિંમત રૂપિયા ૬૩,૦૦૦, એક ૧૮.૩ કેરેટ સોનાનો ઢાળીયો વજન ૫.૬ ગ્રામ કિંમત રૂપિયા કીમત ૬૪,૦૦૦, એક કીપેઈડ મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૫૦૦, એક મોટર સાયકલ નંબર જી.જે.૦૩. એચ.એફ. ૪૨૫૮ કિંમત રૂપિયા ૨૫,૦૦૦ મળી કુલ રૂપિયા ૨,૫૦,૫૦૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડી, અમરેલી, રાજકોટ, મોરબી, જામનગર જિલ્લાઓમાં છેતરપીંડી વિશ્ર્વાસઘાતના ૨૦ બનાવનો ભેદ ઉકેલી અનડીટેકટ ગુનાઓ ડીટેકટ કરવામાં સફળતા મળેલ છે.

પકડાયેલ આરોપીઓ મોટર સાયકલ લઈને અલગ અલગ જિલ્લામાં જતા અને ગામમાં કે વાડી વિસ્તારમાં આવેલ રહેણાંક મકાનમાં રસ્તો પુછવાના કે પાણી પીવાના બહાને જઈ તેની સાથે વાતચીત કરી તેના ઘરની વિગતો જાણી, રામાપીરના ભગત હોવાનો અને ગમે તેવી બિમારી/દુઃખ દર્દ દુર કરવાનો સામેવાળાને વિશ્ર્વાસ આપતા. બાદમાં બિમારી/ દુઃખ દર્દ દુર કરવાના બહાને વિધી કરવાનો વિશ્ર્વાસ આપી સોનાના દાગીના વીધી કરવાના બહાને લઈ, વીધી દરમિયાન નજર ચુકવી લઈને જતા રહેવાની તેમજ રામાપીરના આખ્યાન/રામામંડલ રમાડવા તેમજ દીવેલ માટે વાતચીત કરી વિશ્ર્વાસમાં લઈ છેતરપીંડીથી રોકડ રકમ મેળવી જતા રહેવાની ટેવ વાળા છે.